# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-12-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આગામી દોઢ વર્ષમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો
2) નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , સાયબર ગુનાઓને અટકાવવા રાજ્ય સરકાર અને બેન્કિંગ ક્ષેત્ર સાથે મળીને કામગીરી કરશે.
3) રાજ્યમાં SIRની કામગીરી પૂરજોશમાં - 93.55 ટકા ગણતરી પત્રકના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો અગ્રેસર
4) 60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને પણ હવે સંત સુરદાસ યોજનાનો લાભ મળશે.
5) પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળને નવેમ્બરમાં 800 કરોડ રૂપિયાથી વધુની વિક્રમજનક આવક.
6) ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફી એલિટ ટી-20 મેચમાં પંજાબ સામે બરોડાનો સાત વિકેટે વિજય

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# RAJNATH SINGH VADODARA

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે આગામી દોઢ વર્ષમાં ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બ નશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો. સરદાર @150 રાષ્ટ્રીય એકતા પદયાત્રા અંતર્ગત વડોદરાના સાધલી ખાતે યોજાયેલા સરદાર ગાથા કાર્યક્રમમાં સંબોધન કરતા શ્રી સિંઘે જણાવ્યું, સરદાર પટેલે ભારતને આઝાદ કરાવવામાં અને તેની એકતા-અખંડિતતા સુરક્ષિત રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.

(બાઇટ : રાજનાથ સિંઘ, વિકસીત ભારત)

સરદાર પટેલના 'રાષ્ટ્રપ્રથમ'ના મુખ્ય મૂલ્ય પર પ્રકાશ પાડતા શ્રી સિંઘે કહ્યું, તેમના નેતૃત્વ હેઠળ જ 'પૂર્ણ સ્વરાજ' ની વિભાવના સૌપ્રથમ વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું બ્રિટિશ સરકાર દ્વારા કર વધારવાના વિરોધમાં સરદાર પટેલના આંદોલન બાદ જ બારડોલીની મહિલાઓએ તેમને 'સરદાર'નું બિરુદ આપ્યું હતું.

(બાઇટ : રાજનાથ સિંઘ, સરદાર પટેલ)

સરદાર પટેલેની 150મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં યોજાયેલા આ કાર્યક્રમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા , ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા , રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ પણ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

. . . . . . . . . . . . .

# BANKER COMMITTEE MEET

સાયબર ગુનાઓને અટકાવવા રાજ્ય સરકાર અને બેન્કિંગ ક્ષેત્ર સાથે મળીને પરિણામલક્ષી કામગીરી કરશે. ગાંધીનગર ખાતે રાજ્ય સ્તરીય બેન્કર્સ સમિતિની 187મી બેઠકની અધ્યક્ષતા કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું , ગુજરાત પોલીસના પ્રોએક્ટિવ પ્રયાસોમાં બેન્કોનો પણ સાથ-સહકાર મળે, તો દરેક સાયબર ગુનાની 100 ટકા રકમ બ્લોક કરીને ગુનાઓમાં ઘટાડો લાવવામાં સફળતા મળશે. 1930 પર નોંધાતા સાયબર ગુનાઓ માટે ગૃહ વિભાગ , ગુજરાત પોલીસ અને વિવિધ બેન્કોના નોડલ અધિકારીની એક સંયુક્ત સમિતિ બનાવવા માટે પણ તેમણે તાકીદ કરી.

શ્રી સંઘવીએ ઉમેર્યું , આજે રાજ્યનું બેન્કિંગ નેટવર્ક 11 હજાર શાખાઓ સુધી પહોંચ્યું છે, જેમાંથી 56 ટકાથી વધુ શાખાઓ ગ્રામીણ વિસ્તારોમાં કાર્યરત છે. જેના માધ્યમથી રાજ્યમાં પોણા બે કરોડથી વધુ જન ધન બેન્ક ખાતા ખૂલ્યાં છે.

. . . . . . . . . . . . .

# STATE SIR

મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા- SIR અંતર્ગત ગણતરી પત્રકના ડિજીટાઈઝેશનમાં 93.55 ટકા કામગીરી સાથે ડાંગ જિલ્લો અગ્રેસર છે. જ્યારે 89.62 ટકા સાથે ગીર સોમનાથ બીજા અને 89.07 ટકા સાથે મોરબી જિલ્લો ત્રીજા સ્થાને છે. તો , દાહોદના લીમખેડા , બનાસકાંઠાના ધાનેરા અને થરાદ તેમજ રાજકોટના ધોરાજી વિધાનસભા મતવિસ્તારમાં 100 ટકા ડિજીટાઈઝેશન સંપન્ન થયું છે. બીજી તરફ રાજ્યમાં 5 કરોડથી વધુ મતદારોને ગણતરી પત્રકનું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . .

# SIR DEGITISATION - AHMEDABAD

અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી આ ઝૂંબેશ અંતર્ગત કુલ 62.59 લાખ મતદારોમાંથી 70 ટકાથી વધુ લોકોની વિગતોનું ડિજિટાઇઝેશન થઈ ચૂક્યું છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યા છે અમદાવાદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુજીત કુમાર.

(બાઇટ – સુજીત કુમાર –કલેક્ટર અમદાવાદ )

ઉલ્લેખનીય છે કે ભારતના ચૂંટણી પંચે SIR ની સમય મર્યાદા વધારીને 11 ડિસેમ્બર સુધીની કરી છે.

. . . . . . . . . . . . .

# DIVYANG DECISION

60 ટકાથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને પણ હવે સંત સુરદાસ યોજનાનો લાભ મળશે. અગાઉ 80 ટકા દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ જ યોજનાનો લાભ લઈ શકતા હતા. દિવ્યાંગોના હિતમાં રાજ્ય સરકારે લીધેલા મહત્વના નિર્ણય અનુસાર ઇલેક્ટ્રિક ટુ-વ્હીલર ખરીદવાની યોજનામાં દિવ્યાંગ વ્યક્તિનું  બીપીએલ કાર્ડ હોવું જરૂરી હતું તે જોગવાઈને દુર કરીને હવેથી કોઈપણ દિવ્યાંગ વ્યક્તિ ટુ-વ્હીલર મેળવી શકે છે.

સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે છેલ્લા પાંચ વર્ષમાં 4 લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ 820 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાઈ છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RAILWAY INCOME

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે નવેમ્બરમાં વિક્રમજનક 800 કરોડ રૂપિયાથી વધુની આવક મેળવી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે આવકમાં 15.88 ટકાનો ઐતિહાસિક વધારો નોંધાયો છે. આ ઉપરાંત મંડળે 628 કરોડ 68 લાખની માલવહન આવક હાંસલ કરી છે.

આ નાણાકીય વર્ષના નવેમ્બર 2025 મહિનામાં અત્યાર સુધીનું સર્વોત્તમ પ્રદર્શન છે. ગત મહિનામાં મંડળમાંથી 34 લાખ 90 હજાર મુસાફરોએ મુસાફરી કરી, જેના પરિણામે 152 કરોડ રૂપિયાથી વધુની આવક પ્રાપ્ત થઈ.

. . . . . . . . . . . . .

# FAKE MAAKHAN -SURAT

સુરતમાં SOG દ્વારા નકલી ખાદ્યપદાર્થ વિરુદ્ધ કરાયેલી કાર્યવાહીમાં 143 કિલો શંકાસ્પદ માખણનો જથ્થો જપ્ત કરાયેલ છે.

બાતમીના આધારે શહેરના પૂણાગામ અને વરાછા વિસ્તારમાં આવેલી બે ડેરી પર દરોડા પાડતા કુલ 143 કિલોગ્રામ શંકાસ્પદ માખણ જપ્ત કરવામાં આવ્યું હતું , જેની કિંમત આશરે 28 હજાર જેટલી થાય છે.

જપ્ત કરાયેલ શંકાસ્પદ જથ્થાના નમૂનાને તપાસ અર્થે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા છે. ફૂડ સેફ્ટી વિભાગના જણાવ્યા અનુસાર રિપોર્ટમાં જો ભેળસેળ અથવા અખાદ્યતા સાબિત થશે , તો બંને ડેરીના સંચાલકો વિરુદ્ધ કાયદેસરની સખત કાર્યવાહી કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# KAPAAS KHARIDI - CHHOTA UDEPUR

છોટાઉદેપુરના પાવી જેતપુરમાં અને બોડેલીમાં ભારતીય કપાસ નિગમ - CCI દ્વારા ટેકાના ભાવે કપાસની ખરીદી શરૂ કરાઇ છે. ખેડૂતો દ્વારા સ્લોટ બુકિંગ કરાવ્યા બાદ કપાસ ખરીદવામાં આવી રહ્યો છે.

CCI દ્વારા આ ખરીદી શરૂ કરાતા ખેડૂતોમાં ખુશીની લાગણી ફેલાઈ છે.
આ વિશે માહિતી આપી રહ્યા છે પાવી જેતપુરના સેન્ટર ઇન્ચાર્જ
નિલેશ લાંજેવર.

(બાઈટ : નિલેશ લાંજેવર - સેન્ટર ઇન્ચાર્જ. પાવી જેતપુર)

. . . . . . . . . . . . .

# J & K UPRAAJYAPAAL -GIR SOMNATH

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહા રાજ્યના પ્રવાસે છે. ગીર સોમનાથ જિલ્લાની મુલાકાતના બીજા દિવસે શ્રી સિંહાએ સોમનાથ મહાદેવના દર્શન કરી મહાપૂજા તેમજ ધ્વજા પૂજા કરી હતી.

અગાઉ કાર્તિકી પૂર્ણિમાના મેળાના અંતિમ દિવસે ગઈકાલે ઉપરાજ્યપાલશ્રીએ દીપ પ્રાગટ્ય કરી અને સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. મેળામાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત રાજ્યના પ્રખ્યાત લોકગાયકોના કંઠે રજૂ થયેલ લોકગીતોનો તેમણે આનદ માણ્યો હતો.

. . . . . . . . . . . . .

# DAAK ADALAT - AHMEDABAD

અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસની ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે આગામી 23 ડિસેમ્બરના રોજ ડાક અદાલતનું આયોજન    કરાયું છે. આ ડાક અદાલતમાં ફક્ત અમદાવાદ જી.પી.ઓ. ની ટપાલ ખાતાની સેવાઓ જેવી કે મનીઓર્ડર,  રજીસ્ટર અને કાઉન્ટર પરની સેવાઓ વિગેરેને લગતી ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. આવી ફરિયાદો તારીખ 15 ડિસેમ્બર 2025 સુધીમાં મેનેજરશ્રી,  કસ્ટમર કેર સેન્ટર  ,  અમદાવાદ જી.પી.ઓ. અમદાવાદ-380001 ને મોકલવાની રહેશે.

. . . . . . . . . . . . .

# SYED MUSHQ ALI TROPHY

ક્રિકેટની સૈયદ મુસ્તાક અલી ટ્રોફી એલિટ ટી-20 મેચમાં આજે પંજાબ સામે બરોડાનો સાત વિકેટે વિજય થયો છે. ટોસ જીતી પ્રથમ બેટિંગ કરતા પંજાબની ટીમે 20 ઓવરમાં 8 વિકેટે 222 રન બનાવ્યા હતા. 223 રનના લક્ષ્યાંકને બરોડાની ટીમે 19 ઓવર અને એક બોલમાં 3 વિકેટ ગુમાવી હાંસલ કર્યો. હાર્દિક પંડ્યા પ્લેયર ઓફ ધ મેચ જાહેર થયા હતા.

અન્ય એક મુકાબલામાં સૌરાષ્ટ્ર સામે ઝારખંડની જીત થઈ છે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાતી મેચમાં ઝારખંડની ટીમે ટોસ જીતીને પહેલા બેટિંગ કરતાં 209 રન કર્યા હતા જેના જવાબમાં સૌરાષ્ટ્રની ટીમ 125 રનમાં ઓલઆઉટ થયું હતું.

. . . . . . . . . . . . .